અપીલ અરજી નં.૪૮૩ તા.૨૦–૧૨–૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી પિંકલ પ્રફુલ્લચંદ્ર ઘીવાળા
સામાવાળાઃ– ડે.કમિ. (પીએન્ડડી)અને જાહેર માહિતી અધિકારી
કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)
એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)
સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી( લીંબાયતઝોન)
એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)
એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)
ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)
ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી પિંકલ પ્રફુલ્લચંદ્ર ઘીવાળાની તા. ૧૧–૧૧–૧૧ની અરજીથી પ્રશ્ન નં.૧ મુદ્દા નં.(૧)પરશુરામ ગાર્ડન પાસે, સી. એમ.રેસીડન્સીની સામે,(નવુ બની રહેલ વિમલનાથ રેસીડન્સીની સામે)હનીપાર્ક રોડ, બાંધવામાં આવી રહેલ બંગલાને વિકાસ પરવાનગી આપવામાં આવી છે ? પત્રની નકલ આપશો ? બધા બંગલાનો રે.સર્વે નં.,પ્લોટ નં. આપવો ? વિ.મુદ્દા નં.(૧)થી (૧૪)ની માહિતી તથા પ્રશ્ન નં.ર મુદ્દા નં.(૧) રણછોડ પાર્ક સોસા.ને લાગીને કોર્નર પર, કિડસ કલીંગ નર્સરી પાસે, હનીપાર્ક રોડ, નવુ બાંધવામાં આવી રહેલ મકાન, બંગલા કે ફલેટને વિકાસ પરવાનગી આપવામાં આવી છે ? રે.સર્વે નં., પ્લોટ નં. આપવો ? વિ.મુદ્દા નં.(૧)થી (૧૪)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૦–૧૨–૧૧ ની **SMC/FAP/** નં.૪૮૩/૨૦૧૧–૧૨

શ્રી પિંકલ પ્રફુલ્લચંદ્ર ઘીવાળાની તા. ૧૧–૧૧–૧૧ની અરજીથી પ્રશ્ન નં.૧ મુદ્દા નં.(૧) પરશુરામ ગાર્ડન પાસ ે, સી. એમ.રેસીડન્સીની સામે,(નવુ બની રહેલ વિમલનાથ રેસીડન્સીની સામે) હનીપાર્ક રોડ, બાંધવામાં આવી રહેલ બંગલાને વિકાસ પરવાનગી આપવામાં આવી છે ? પત્રની નકલ આપશો ? બધા બંગલાનો રે.સર્વે નં.,પ્લોટ નં. આપવો ? વિ.મુદ્દા નં.(૧) થી (૧૪)ની માહિતી તથા પ્રશ્ન નં.ર મુદ્દા નં.(૧) રણછોડ પાર્ક સોસા.ને લાગીને કોર્નર પર, કિડસ કલીંગ નર્સરી પાસે, હનીપાર્ક રોડ, નવુ બાંધવામાં આવી રહેલ મકાન, બંગલા કે ફલેટ ને વિકાસ પરવાનગી આપવામાં આવી છે ? રે.સર્વે નં., પ્લોટ નં. આપવો ? વિ.મુદ્દા નં.(૧)થી (૧૪)ની માહિતી આપવા બાબતે ડે.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી(રાંદેરઝોન)ના પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૮૧૦ તા. ૦૫–૧૨–૧૧, ડે.કમિ.(પી.એન્ડ.ડી) અને જાહેર માહિતી અધિકારીના પત્ર નં. ટી.ડી.ઓ./૩૭૪ તા. ૦૮–૧૨–૧૧,ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન)ના પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ /આ.નં. /૧૬૭૯ તા. ૦૮–૧૨–૧૧,કાર્યપાલક ઈજનેર અને મ. જાહેર માહિતી અધિકારી(લીંબાયતઝોન)ના પત્ર નં. સા.ઈ.ઝોન/ મહેકમ/ આ.નં./૨૫૬૫ તા. ૦૮–૧૨–૧૧તથા સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(લીંબાયતઝોન)ના પત્ર નં. સા.ઈ.ઝોન/ મહેકમ/૨૫૯૪ તા. ૦૯–૧૨–૧૧થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૦–૧૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માંગેલ માહિતી અરજદારે જણાવેલ સ્થળ સ્થિતિ આધારે પ્લાન મંજુરી દફતરેથી ઉપલબ્ધ થઈ શકે તેમ છે કે કેમ? તે સ્પષ્ટ કરવા તેમજ અરજદારને રજૂ કરવા જણાવેલ વિગતો ટીપી સ્કીમ નંબર કે ફાયનલ પ્લોટ નંબર તેઓ કયા સ્ત્રોતથી મેળવી રજૂ કરી શકે તે પણ જણાવવા વિનંતી છે. સાથે માહિતીની દફતરી હકીકત સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૩૩૭ તા.૩૦–૧૨–૧૧થી** ડે.કમિ. (પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી , કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન), એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન), સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી( લીંબાયતઝોન), એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન), એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન), ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન), ઝોનલચીફ અને જાહેર માહિતી

અધિકારી (સેન્ટ્રલઝોન) તથા અરજદારને બાંધકામ સ્થળે પ્રદર્શિત ડીસ્પ્લે બોર્ડ, મનપાની વેબસાઈટ કે મહાનગરપાલિકાના સીવીક સેન્ટર કે ઝોન કચેરી ખાતેથી ઉપલબ્ધ ટી.પી. પ્રોગ્રામ હેઠળ સ્થળ, સ્થિતિ સ્પષ્ટ કરી જાહેર માહિતી અધિકારીને જણાવવા પ્રયત્ન કરેલ છે કે કેમ ? તે સ્પષ્ટ કરવા વધુમાં સેન્ટ્રલઝોન અને લીંબાયતઝોન ધ્વારા નાણાં ભરી માહિતી મેળવવા કરેલ પ્રસ્તાવ બાદ કોઈ નારાજગી હોય તો આધાર સહ સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/ આ.નં.૬૫૭ તા.૬–૧–૧૨ થી પૂરક વિગતોમાં વેસ્ટઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/૭૮૨ તા.૨૩–૧૧–૧૧ થી વિલંબિત મ. જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ વિભાગ, કાર્યપાલક ઈજનેર તમામઝોનને આંશિક માહિતી માટે તબદીલ કરેલ પત્રની નકલ, મુળ અરજીની નકલ, ફી ભર્યાની વિગત અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૯૨૨ તા.૭–૧–૧૨ થી પૂરક વિગતોમાં મુળ અરજીની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૮૧૦ તા.૫–૧૨–૧૧ ના પત્રની નકલ, તમામઝોનને તબદીલ થયેલ પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ શહેર વિકાસ તરફથી પત્ર નં.ટીડીઓ/૫૫ તા.૧૦–૧–૧૨ થી પૂરક વિગતોમાં બાંધકામો ઉપર લગાવવામાં આવતાં ડીસ્પ્લે બોર્ડ ના ફોટા સાથેની નકલો, નોંધ વિભાગ, વેસ્ટઝોન તરફથી તબદીલ થયેલ પત્ર, મુળ અરજીની નકલ, જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.ટીડીઓ/૩૭૪ તા.૮–૧૨–૧૧ ના પત્રની નકલ, ફી ભર્યાની વિગત અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/ આરટીઆઈ/આ.નં.૧૧૫૩ તા. ૧૭–૧–૧૨ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, તબદીલ થયેલ પત્રની નકલ, મુળ અરજીની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/ આ.નં.૧૦૪૦ તા.૧૬–૧૨–૧૧ ના પત્રની નકલ તથા એકનોલેજમેન્ટ સ્લીપની નકલ, ફી ભર્યાની રસીદ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી પૂરક વિગતોમાં તા.૭–૧–૧૨ નો પત્ર અત્રે મળેલ છે.

અરજદારની તા.૧૧–૧૧–૧૧ ની અરજીથી માહિતી માંગતી અરજી સુરત મહાનગરપાલિકાને સંબોધતી અરજી વેસ્ટઝોન ખાતે કરવામાં આવેલ. જે વેસ્ટઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આ.નં.૭૮૨ તા.૨૩–૧૧–૧૧ થી વિલંબથી તમામઝોન અને મધ્યસ્થ શહેર વિકાસ વિભાગને તબદીલ કરવામાં આવેલ. જેમાં પરશુરામ ગાર્ડન પાસે સી.એમ રેસીડેન્સીની સામે હનીપાર્ક રોડ પર બાંધવામાં આવેલ બંગલાને વિકાસ પરવાનગી નંબર તેમજ સર્વે નંબર અને પ્લોટ નં.૧ અને ૨ માં મુદ્દા નં. ૧થી ૧૪ ની માહિતી માંગવામાં આવેલ.

જેમાં વિભાગ–૧ ના અનુ. નં.(૧) પરશુરામ ગાર્ડન પાસે, સી. એમ.રેસીડન્સીની સામે,(નવુ બની રહેલ વિમલનાથ રેસીડન્સીની સામે) હનીપાર્ક રોડ, બાંધવામાં આવી રહેલ બંગલાને વિકાસ પરવાનગી આપવામાં આવી છે ? પત્રની નકલ આપશો ? બધા બંગલાનો રે.સર્વે નં.,પ્લોટ નં. આપવો ? અનુ.નં.૨ આ બાંધકામ ને કોમર્શીયલ અથવા તો રેસીડેન્સીયલ પરમીશન આપેલ છે? રેસીડેન્સીયલ કે કોમર્શીયલ બંને ભેગી હોય તો કોમર્શીયલ કેટલી દુકાન (કેટલા માળ) તથા કેટલા માળ રેસીડેન્સીયલ છે? અનુ.નં.૩ બંગલા,ફલેટ કે દુકાનની ટોટલ સંખ્યા કેટલી છે? કયા માળ પર કેટલી દુકાન, કેટલા ફલેટ, ટોટલ કેટલા માળ બાંધવાની પરમિશન આપવામાં આવેલી છે? અનુ.નં.૪ પ્લાન કયારે પાસ કર્યો છે? કઈ તારીખે? કયા અધિકારી ધ્વારા કરાયો?અનુ.નં.૫ ચાલુ બાંધકામ દરમિયાન રોડનું ખોદાણ કરી કઈ લાઈન લેવામાં આવી હતી? રોડ બનાવવાની જીમ્મેદારી કોની બને?અનુ.નં. ૬ પ્રગતિ ફોર્મમાં કરેલી વિઝિટનો રેકર્ડ ફોર્મ ની રેકર્ડ કોપી આપવી? અનુ.નં.૭ બી.યુ.સી. આપવામાં આવ્યું છે? બી.યુ.સી. ન લેવામાં આવે તો તેવા સંજોગો માં એ બાંધકામ ગર્વમેન્ટ ના કયા કયા લાભ ન મળે? અનુ.નં.૮ ગટર ના તથા પાણી ના કનેકશન આપવામાં આવેલ છે? અનુ.નં.૯ સ્લેબનો લેબ ટેસ્ટ કરાવવામાં આવ્યો છે? કઈ લેબોરેટરીમાં? અને રીપોર્ટ શું આવ્યો? અનુ.નં.૧૦ માલિકી અલગ અલગ વ્યકિતની છે કે એક જ વ્યકિતની છે? દરેક માલિકના નામ અને સરનામા આપવા? અનુ.નં.૧૧ કામ અટકાવવામાં આવેલ છે? અનુ.નં.૧૨ સદર બાંધકામ કાયદેસર બંધાયેલ છે? એવો રિપોર્ટ કરનાર અધિકારીના નામ સરનામાં અને પોસ્ટ જણાવવું? અનુ.નં.૧૩ આગળ પાછળ માર્જીનની જગ્યા શા માટે છોડવામાં નથી આવી? અનુ.નં.૧૪ સમગ્ર સુરતમાં ગેરકાયદેસર બાંધકામ કરનારને છેલ્લા ત્રણ વર્ષમાં આપવામાં આવેલી તમામ નોટીસ આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/આ.નં.૧૬૭૯ તા.૮–૧૨–૧૧ થી નિયત સમય અવધિમાં સેન્ટ્રલઝોન વિસ્તારમાં તા.૧–૧૧–૦૮ થી ૩૦–૧૧–૧૧ સુધીમાં કુલ–૨૫૧ મનાઈ હુકમ અને ૨૬૨ શો કોઝ નોટીસ આપવામાં આવેલ છે જેની નકલના નકલદીઠ રૂા.૨/– લેખે કુલ–૭૭૫ પાનાના કુલ રૂા.૧૫૫૦/– ભર્યેથી મળી શકશે. તેવું જણાવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/આ.નં.૨૫૬૫ તા.૮–૧૨–૧૧ થી તથા પત્ર નં.સા.ઈ.ઝોન/ ૨૫૯૪ તા.૯–૧૨–૧૧ થી સમય અવધિમાં લીંબાયતઝોન વિસ્તારમાં છેલ્લા ત્રણ વર્ષમાં ગેરકાયદેસર બાંધકામ અંગે આપવામાં આવેલ નોટીસ પાના નંગ–૬૪ ના નિમયોનુસારના નકલ ફી ના રૂા.૧૨૮/– ભરપાઈ કરી તેની રસીદ લીંબાયતઝોનમાં રજૂ કર્યેથી નકલ મેળવી શકાશે. તેવું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૧૦૪૦ તા.૧૬–૧૨–૧૧ થી અઠવાઝોનના શહેર વિકાસ વિભાગના ઉપલબ્ધ રેકર્ડ મુજબના માહિતીનાએ/૪ સાઈઝ પાનાની નકલ (પાના નંગ–૨૫૪) ના નકલ દીઠ રૂા.૨/– લેખે કુલ રૂા.૫૦૮/– (શબ્દોમાં કુલ પાંચસો આઠ રૂપિયા પૂરા) અઠવાઝોન કચેરીના ઓફિસ સમય દરમ્યાન ભરપાઈ કર્યેથી તમો માહિતીની નકલ મેળવી શકો છો. તેવું સમય અવધિ બાદ જણાવેલ છે. જેમાં જાહેર માહિતી અધિકારીએ તા.૧૭–૧–૧૨ ના રોજ આપેલ માહિતીમાં જણાવેલ છે કે અરજદાર ધ્વારા આજ દિન સુધી દસ્તાવેજ ફી ભરપાઈ કરવામાં આવેલ નથી. જેમાં જાહેર માહિતી અધિકારી રાંદેર, ઉધના ,વરાછા, કતારગામઝોન અને મધ્યસ્થ શહેર વિકાસ વિભાગ તરફથી અરજદારને કોઈ વિગતો પૂરી પાડવામાં આવેલ નથી તેમજ માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી.

વિભાગ–(૨) અનુ.નં.૧ રણછોડ પાર્ક સોસા.ને લાગીને કોર્નર પર કિડસ કલીંગ નર્સરી પાસે હની પાર્ક રોડ નવું બાંધવામાં આવી રહેલ મકાન બંગલા કે ફલેટને વિકાસ પરવાનગી આપવામાં આવે છે? અનુ.નં.૨ આ બાંધકામ ને કોમર્શીયલ અથવા તો રેસીડેન્સીયલ પરમીશન આપેલ છે? રેસીડેન્સીયલ કે કોમર્શીયલ બંને ભેગી હોય તો કોમર્શીયલ કેટલી દુકાન (કેટલા માળ) તથા કેટલા માળ રેસીડેન્સીયલ છે? અનુ.નં.૩ બંગલા,ફલેટ કે દુકાનની ટોટલ સંખ્યા કેટલી છે? કયા માળ પર કેટલી દુકાન, કેટલા ફલેટ, ટોટલ કેટલા માળ બાંધવાની પરમિશન આપવામાં આવેલી છે? અનુ.નં.૪ પ્લાન કયારે પાસ કર્યો છે? કઈ તારીખે? કયા અધિકારી ધ્વારા કરાયો? અનુ.નં.૫ ચાલુ બાંધકામ દરમિયાન રોડનું ખોદાણ કરી કઈ લાઈન લેવામાં આવી હતી? રોડ બનાવવાની જીમ્મેદારી કોની બને? અનુ.નં. ૬ પ્રગતિ ફોર્મમાં કરેલી વિઝિટનો રેકર્ડ ફોર્મ ની રેકર્ડ કોપી આપવી? અનુ.નં.૭ બી.યુ.સી. આપવામાં આવ્યું છે? બી.યુ.સી. ન લેવામાં આવે તો તેવા સંજોગો માં એ બાંધકામ ગર્વમેન્ટ ના કયા કયા લાભ ન મળે? અનુ.નં.૮ ગટર ના તથા પાણી ના કનેકશન આપવામાં આવેલ છે? અનુ.નં.૯ સ્લેબનો લેબ ટેસ્ટ કરાવવામાં આવ્યો છે? કઈ લેબોરેટરીમાં? અને રીપોર્ટ શું આવ્યો? અનુ.નં.૧૦ માલિકી અલગ અલગ વ્યકિતની છે કે એક જ વ્યકિતની છે? દરેક માલિકના નામ અને સરનામા આપવા? અનુ.નં.૧૧ કામ અટકાવવામાં આવેલ છે? અનુ.નં.૧૨ સદર બાંધકામ કાયદેસર બંધાયેલ છે? એવો રિપોર્ટ કરનાર અધિકારીના નામ સરનામાં અને પોસ્ટ જણાવવું? અનુ.નં.૧૩ આગળ પાછળ માર્જીનની જગ્યા શા માટે છોડવામાં નથી આવી? અનુ.નં.૧૪ હાલમાં તૈયાર થતું આ બાંધકામ અગાઉ કેટલા માળનું અને કયા હેતુવાળુ હતુ તેની માહિતી આપવી?

ઉપરોકત વિભાગ–૧ અને ૨ ના મુદ્દા નં.૧ થી ૧૪ બાબતે જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/આ.ન.૮૧૦ તા.૫–૧૨–૧૧ થી સદર મિલ્કતમાં ટીપી સ્કીમ નંબર તેમજ ફા.પ્લોટ નંબર, રેવન્યુ નંબર, સબ પ્લોટ નંબર, તેમજ વોર્ડ નંબર તેમજ ટેનામેન્ટ નંબરની વિગતવાર માહિતી આપ્યેથી તમામ માહિતી વિગતવાર આપી શકાય. તેવું જણાવેલ છે. તેવી જ રીતે વિભાગ –૧ અને ૨ ના મુદ્દા નં.૧ થી ૧૪ બાબતે જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોન તરફથી આંશિક માહિતી માટે જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમને તબદીલ થયેલ અરજીના સંદર્ભે જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ વિભાગ તરફથી પત્ર નં.ટીડીઓ/૩૭૪ તા.૮–૧૨–૧૧ થી નિયત સમય અવધિમાં વિમલનાથ રેસીડેન્સી તથા રણછોડ પાર્ક સોસા.ને લાગીને કોર્નર પર બની રહેલ બિલ્ડીંગના ચાલતાં બાંધકામ અંગેની વિગતો માંગેલ છે. જે અન્વયે જણાવવાનું કે તે મિલ્કત નંબર , ટીપી સ્કીમ નંબર, ફા.પ્લોટ નંબર, રેવન્યુ સ. નં. વિગેરે દર્શાવેલ નથી. મિલ્કતના નામે કોઈ કાર્યવાહી થતી ન હોય જે જગ્યાની વિગતો માંગવા માંગો છો. તેનો ટીપી સ્કીમ નંબર, મોજે .ફા પ્લોટ નંબર, રે.સ. નં. વિગેરેની પૂર્તતા ક થયેથી તેની માહિતી આપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે તા.૨૦–૧૨–૧૧ ના રોજ નારાજ થઈ તા.૨૦–૧૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. અપીલ તબકકે રાંદેર ઝોનને તેમના ધ્વારા પુરે પુરુ નામ–સરનામુ આપવા છતાં અમને અમારો જવાબ આપવામાં આવ્યો નથી. અને અમારા સવાલની સામે અમોને સવાલ કર્યો (પોસ્ટ ઓફિસ, ફાયર , એમ્બ્યુલન્સ, ટેલીફોન,આરટીઓ એવી ઘણી અન્ય સરકારી સેવા જે એડ્રેસનાં આધારે ચાલે છે તે એડ્રેસને અમારા ધ્વારા થઈ શકે એટલું સહેલાઈ થી મળી શકે એ રીતે આપવામાં આવ્યું છતાં પણ અમને દિવસો વીત્યા બાદ વાડી તોડીને અમને સવાલ કરવામાં આવ્યો) શું દર્શાવેલી દરેક સરકારી સંસ્થાઓમાં દરેક જગ્યાએ શું ટી.પી. નંબર સર્વે નંબર, સીટ નંબર લીધા બાદ જ કાર્ય કરવામાં આવે છે. શું આરટી.આઈ –૨૦૦૫ મુજબ એવી કોઈ ચોકકસ વ્યાખ્યા કરવામાં આવી છે કે અધિકારી ધ્વારા જે જવાબ આપવામાં આવ્યો છે. જો આ અધિકારીઓ ને સ્થળ ન મળતુ હોય તો અમે જાતે તમારી સાથે આવીને સ્થળ બતાવવા તૈયાર છીએ જેથી અમોને જવાબ મળવા પાત્ર છે.તેવી રજૂઆત કરેલ છે. ત્યાર બાદ અરજદારને અત્રેથી પત્ર નં.આરટીઆઈ સેલ/૧૩૩૭ તા.૩૦–૧૨–૧૧ થી બાંધકામ સ્થળે પ્રદર્શિત ડીસ્પ્લે બોર્ડ, મનપાની વેબસાઈટ કે મહાનગરપાલિકાના સીવીક સેન્ટર કે ઝોન કચેરી ખાતેથી ઉપલબ્ધ ટી.પી. પ્રોગ્રામ હેઠળ સ્થળ, સ્થિતિ સ્પષ્ટ કરી જાહેર માહિતી અધિકારીને જણાવવા પ્રયત્ન કરેલ છે કે કેમ ? તે સ્પષ્ટ કરવા વધુમાં સેન્ટ્રલઝોન અને લીંબાયતઝોન ધ્વારા નાણાં ભરી માહિતી મેળવવા કરેલ પ્રસ્તાવ બાદ કોઈ નારાજગી હોય તો આધાર સહ સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદારને બાંધકામ સ્થળે ડીસ્પ્લે બોર્ડ મુકવામાં આવ્યા નથી અને મનપાના કોઈ પણ અધિકારી કે કોઈ પણ વ્યકિત ધવારા માહિતી અધિકારીને સમજાવવા પ્રયત્ન કરવામાં આવ્યા નથી અને લેટર લખી સ્પષ્ટતા કરવા બોલાવવામાં આવેલ નથી તેવું પૂરક વિગતોમાં જણાવેલ છે. પરંતુ જાહેર માહિતી અધિકારી પાસે જઈ અરજદારે તેમ કરવા પ્રયત્ન કરેલ હોવાની સ્પષ્ટતા કરેલ નથી.

અરજદારે અપીલમાં જણાવેલ સંસ્થાઓના ઉદાહરણ આપી અને શહેર વિકાસ વિભાગ ધ્વારા રજુ થતા પ્લાનોની પરવાનગી આપવાની સેવા સાથે સરખાવવામાં આવેલ છે. તમામ સરકારી વિભાગોની કામગીરી નો હેતુ અલગ અલગ હોય છે અને તેમની નોંધણી અને રેકર્ડ રાખવાની પ્રથા અલગ અલગ હોય છે જેમ કે ટેલીફોન વિભાગનો રેકર્ડ ટેલીફોન નંબર સાથે, આરટીઓનો રેકર્ડ ગાડીના નંબર સાથે ,પોસ્ટનો રેકર્ડ પોસ્ટની જુદી જુદી સેવાઓ અનુસાર રાખવામાં આવતો હોય છે તેવી રીતે જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી સુરત મહાનગરપાલિકાની કચેરીએ રજુ થતા પ્લાનો ટી.પી.સ્કીમ નં./ ફા.પ્લોટ નં./ સબ પ્લોટ નં. રજુ કરવામાં આવે છે તેમાં કોઈ એપાર્ટમેન્ટના નામે પ્લાન રજુ થતા નથી. રાઈટ ટુ ઈન્ફરમેશન એકટ મુજબ ફકત ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરીને જવાબ કરવાનો રહે છે. તેની સ્થળ નિરીક્ષણ કરવાનુ રહેતુ નથી તેથી તે મુજનો જવાબ કરેલ છે. આથી કોઈપણ વિભાગના રેકર્ડ માંગતા રેકર્ડની નોંધણી જે પ્રમાણે થતી હોય તવી વિગતો રજુ કરવી આવશયક બને છે. વધુમાં અરજદારે સ્વયં અરજીમાં જે મિલકતની માહિતી માંગેલ છી તે મિલકત સરકારી દફતરે રેકર્ડ ઉપર જે નામે નોંધાતી હોય જેમ કે રે.સ.નં. વોર્ડ નં. જે તે વિસ્તારના બ્લોક નં. કે ટી.પી. અને પ્લોટ નં. કે સબ પ્લોટ નં. અને લોકેશન જણાવવાનું રહે છે સામાન્ય રીતે દસ્તાવેજોમાં પણ આવી જોગવાઈ હોય છે અને તેવી જ રીતે મિલ્કતોની ઓળખ થતી હોય છે માહિતી આપતી વખતે મિલ્કતની ઓળખ આપવી જરૂરી છે.

વધુમાં જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર પાઠવેલ નથી તેવા પ્રશ્ન બાબતે ટી.ડી.ઓ નં.૩૭૪ તા.૮–૧૨–૧૧ થી રણછોડ પાર્ક સોસા. ને ટાંકીને બની રહેલ બિલ્ડીંગના ચાલતાં બાંધકામની વિગતો બાબતે મિલ્કત નંબર, ટીપી સ્કીમ નં., ફા. પ્લોટ નંબર, રે.સ. નંબર વિગેરે દર્શાવેલ નથી. શહેર વિકાસ વિભાગમાં મિલ્કતના નામકે કોઈ કાર્યવાહી થતી ન હોય જે જગ્યાની વિગતો માંગો છો તેની ટીપી સ્કીમ નંબર મોજે ફા.પ્લોટ નંબર, રેસ. નંબર વિગેરેની પૂર્તતા કર્યેથી માહિતી આપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. વધુમાં પૂરક વિગતોમાં પણ સ્થળ ઉપર ચાલતાં બાંધકામ અંગેની મંજુરી તથા જમીનની વિગતો વિગરે સ્થળ ઉપર રોડ સાઈડે જાહેર જનતાની જાણમાં આવે એવી રીતે બોર્ડ મુકી ઉપલબ્ધ કરાવવામાં આવે છે. જે અંગે બોર્ડ ઉપરથી સદરહુ બાંધકામની વિગતો મેળવી શકાય તેમ છે. આ સાથે સ્થળ ઉપર મુકવામાં આવતાં બોર્ડના ફોટોગ્રાફ ઉદાહરણ તરીકે અત્રે રજૂ કરેલ છે.

પ્રસ્તુત કિસ્સામાં જાહેર માહિતી અધિકારી વસ્ટઝોન ધ્વારા વિભાગ–૧ અને ૨ માં જણાવેલ મિલ્કતની ઓળખ બાબતે આવી મિલ્કતનો આકારણી દફતરે પર નોંધ હોય તે પરથી મિલ્કત/પ્લોટોની ઓળખ શકય હોય તો શહેર વિકાસ વિભાગને આપી માહિતી આપવા પ્રયત્ન કરી શકાય પરંતુ તેવો કોઈ પ્રયત્ન થયેલ જણાતો નથી. વધુમાં અરજદાર ધ્વારા પણ સીટી સર્વે કચેરી કે આકારણી દફતરે અથવા ટીપી યોજના દફતરના માધ્યમથી માહિતી મેળવી જાહેર માહિતી અધિકારીએ આપવા પ્રયત્ન થયેલ જણાતો નથી વધુમાં અરજદારે અપીલમાં સ્થળ ન મળતું હોય તો સ્થળ બતાવવા સાથે આવવાની રજૂઆત કરેલ છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) તથા ૨(જે) હેઠળ જાહેર સત્તા મંડળ પાસેની ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ દફતરી માહિતી આપવાની જોગવાઈ છે. તેની સાથે અરજદારની આવી રજૂઆત સુસંગત નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૧૧–૧૧–૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી બંને જાહેર માહિતી અધિકારી તરફથી મિલ્કતની ઓળખ બાબતની વિગતો પુરી પાડયેથી માહિતી આપવા જણાવેલ છે. પરંતુ જાહેર માહિતી અધિકારીએ આકારણી દફતરે અરજદારને જણાવેલ વિગતે મિલ્કતની ઓળખ સુનિશ્ચિત થઈ શકતી હોય તો તેના દફતરી રેકર્ડ પરથી નોંધ નંબર કે સર્વે સીટી નંબરો જો હોય તો અરજદારે માંગેલ માહિતી દફતરી રેકર્ડ અનુસાર આપી શકાય તેમ હોય તો દિન–૭ ની અવધિમાં તેવી નોંધ નંબરની વિગતો જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ શહેર વિકાસને મોકલી આપવા જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનને જણાવવામાં આવે છે તથા તેના આધારે અરજદારે માંગેલ માહિતી આપી શકાય તેમ હોય તો દિન–૧૫ ની અવધિમાં આરટીઆઈ કાયદાની કલમ–૭(૩) સાથે નિયમ–૫ હેઠળ લાગુ કિસ્સામાં ફી ભરપાઈ કરવાની રીતે અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા અન્યથા તેવી વિગતોના આધારે માહિતી આપી શકાતી ન હોય તો જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનના પત્ર નં.૮૧૦ તા.૫–૧૨–૧૧ તથા નગર નિયોજક શહેર વિકાસના પત્ર નં.ટીડીઓ/૩૭૪ તા.૮–૧૨–૧૧ ના પત્રથી અરજદારને સુચિત કરવામાં આવેલ બાબત યથાવત રહેવા પામે છે તે મતલબની વિગતો અરજદારને અત્રેની જાણ હેઠળ પુનઃ અવગત કરાવવા અનુક્રમે ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તથા ડે.કમિ. (પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ શહેર વિકાસ ) ને જણાવવામાં આવે છે.

અરજદારને વિભાગ–૧ ના મુદ્દા નં.૧૪ માં ગેરકાયદેસર બાંધકામ કરનાર ને છેલ્લા ત્રણ વર્ષમાં આપવામાં આવેલ તમામ નોટીસોની નકલ રાંદેરઝોન, વરાછાઝોન, ઉધનાઝોન, કતારગામઝોન તથા મધ્યસ્થ શહેર વિકાસ વિભાગ ધ્વારા પૂરી પાડવામાં આવેલ ન હોય તથા અઠવાઝોન ધ્વારા નિયત સમય અવધિ બાદ દસ્તાવેજ ફી ભરવા જણાવેલ હોઈ આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે પૂરી પાડવા અનુક્રમે ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન), એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન,ઉધનાઝોન, કતારગામઝોન) તથા ડે.કમિ. (પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ શહેર વિકાસ વિભાગને તથા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી અઠવાઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૨–૧૨

પ્રતિ,
(૧) જાહેર માહિતી અધિકારી (તમામઝોન), ડે.કમિશ્નર (પી.એન્ડ ડી) અને જાહેર માહિતી અધિકારી(મધ્યસ્થ શહેર વિકાસ) ....જાણ તથા અમલ માટે
(૨) શ્રી પિંકલ પ્રફુલ્લચંદ્ર ઘીવાળા